ઈ. ટી.વી. રાજસ્થાન - ૧૧-૪-૧૫ ૧૧/૪/૧૫

ગુજરાત માહિતી બ્યુરો
ગુજરાત સરકાર અમદાવાદ

સમાચાર સંખ્યા નં. ૯૪
૧૨ એપ્રિલ, ૨૦૧૫

## દેશને એકસૂત્રમાં બાંધનાર આપણી ગૌરવમયી ભારતીય સંસ્કૃતિ છે : રાજ્યપાલશ્રી

............

## અમદાવાદ નજીક ભાટ ખાતે ઈ.ટી.વી. રાજસ્થાન દ્વારા આયોજિત પ્રવાસી રાજસ્થાની સંમેલનમાં શ્રી ઓ.પી.કોહલીનું સંબોધન

............

**અમદાવાદ: રવિવાર:** ગુજરાતનાં રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું કે, આપણા દેશની અનોખી ઓળખ છે જે સમગ્ર ભારતને એકસૂત્રમાં બાંધનારી આપણી ગૌરવશાળી ભારતીય સંસ્કૃતિ છે. તેમણે ઉમેર્યું હતું કે આપણી સંસ્કૃતિમાં નિહિત અને ઉપસંસ્કૃતિઓ, ઉપધારાઓ અને પ્રાદેશિક સંસ્કૃતિઓ છે જે મળી એક ભારતીય સંસ્કૃતિનું નિર્માણ કરે છે.

રાજ્યપાલશ્રીએ અમદાવાદ નજીક આવેલ ભાટ ખાતે ઈ.ટી.વી. રાજસ્થાન દ્વારા આયોજિત પ્રવાસી રાજસ્થાની સંમેલનમાં સંબોધન કરી રહ્યાં હતાં.

તેમણે જણાવ્યું હતું કે, જેમ રંગબેરંગી ફૂલોનાં એક ગુલદસ્તાનું પોતાનું સૌંદર્ય હોય છે, મહેંક હોય છે તેમ ભારત પણ એક ગુલદસ્તા સમાન છે તેની પોતાની આગવી મહેંક અને સૌંદર્ય છે. આ ગુલદસ્તામાં રંગબેરંગી ફુલોરૂપી અનેક ઉપસંસ્કૃતિઓ, પ્રાદેશિક સંસ્કૃતિઓની પણ પોતાની જુદી જુદી સુગંધ અને તેનાં સૌંદર્યનો સમાવેશ થાય છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે ગુજરાત અને રાજસ્થાન ભૌગોલિક દૃષ્ટિએ પડોશી રાજ્ય છે. પરંતુ સાંસ્કૃતિક દૃષ્ટિએથી જોઇએ તો આ બંને રાજ્યોને આપણે એક સાંસ્કૃતિક ક્ષેત્ર તરીકે ઓળખીએ તો વધુ ઉચીત રહેશે. બંને રાજ્યનાં લોકજીવન, સાંસ્કૃતિક પરંપરાઓ, ખાનપાન, રીતીરિવાજો તથા કલા સાહિત્યમાં ઘણું સામંજસ્ય જણાય છે.

તેમણે જણાવ્યું હતું કે, રાજસ્થાનનાં લોકો જેઓ પોતાનાં વતનથી બહાર વસ્યા છે તેમણે પોતાની માતૃભૂમિથી જોડવાનું મહત્વનું કાર્ય ઈ.ટી.વી. રાજસ્થાનનાં હેડ શ્રી જગદીશચંદ્રે પ્રવાસી રાજસ્થાની સંમેલન યોજીને કર્યું છે તે સરાહનીય છે. તેમણે કહ્યું કે બહાર વસેલાં રાજસ્થાનના લોકો પોતાની જન્મભૂમિથી ભાવાત્મક રીતે જોડાયેલાં રહ્યાં છે. ગુજરાતમાં પણ રાજસ્થાની લોકોએ તેમની સંસ્કૃતિનું જતન-સંવર્ધન કર્યું છે અને ગુજરાતની સંસ્કૃતિને પણ સુપેરે અપનાવી છે. ગુજરાતનાં વિકાસમાં, સાંસ્કૃતિક અને સાહિત્યિક ક્ષેત્રમાં પણ તેઓનું યોગદાન રહ્યું છે.

લોકતંત્રમાં મીડિયાની સ્વાયત્તા પ્રજાતંત્રને મજબૂત કરનારી છે. સાથે-સાથે મીડિયાની સામાજિક જવાબદારી નિભાવવાની પણ જવાબદારી રહેલી છે. સામાજિક સરોકાર નિભાવવાની ભૂમિકા પણ મીડિયાની છે. ઈ.ટી.વી. રાજસ્થાને આવી પહેલ કરીને સામાજિક દાયિત્વ નિભાવવાનું પ્રસંશનીય પગલું ઉઠાવ્યું છે. તેના માટે ઈ.ટી.વી.ના શ્રી જગદીશચંદ્રને રાજ્યપાલશ્રીએ અભિનંદન આપ્યાં હતાં.

પાના નંબર-૨ ઉપર

ગુજરાત વિધાનસભાનાં વિરોધપક્ષના ભૂતપૂર્વ નેતા શ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ તેમનાં પ્રવચનમાં જણાવ્યું હતું કે ઇ.ટી.વી. રાજસ્થાન દ્વારા પ્રવાસી રાજસ્થાની દિવસ ગુજરાતમાં ઉજવી એક સારી પહેલ કરી છે. ગુજરાત અને રાજસ્થાનનો સામાજિક અને સાંસ્કૃતિક નાતો ઘણો પૌરાણિક રહ્યો છે. આ બંને રાજ્યના કલા, સંસ્કૃતિ, આતિથ્યભાવ, પરંપરાઓ અને રીતિરિવાજોમાં ઘણું સામ્ય રહેલું છે. મહારાષ્ટ્ર વિધાનસભાનાં મુખ્ય દંડક શ્રી રાજપુરોહિતે સમાજને જોડવા માટે ઇ.ટી.વી. રાજસ્થાનની પહેલની પ્રસંશા કરી હતી.

પ્રારંભમાં ઇ.ટી.વી. રાજસ્થાનનાં હેડ શ્રી જગદીશચંદ્રએ પ્રવાસી રાજસ્થાની સંમેલન યોજવાનો હેતુ સમજાવ્યો હતો. તમેણે જણાવ્યું હતું કે બહાર વસેલાં રાજસ્થાની લોકો પોતાની જન્મભૂમિ સાથે જોડાયેલા રહે તેવા પ્રયાસો સામાજિક દાયિત્વનાં ભાગરૂપે કરવામાં આવ્યા છે તેનો પ્રારંભ ગુજરાતથી કરવામાં આવ્યો છે જે હવે અન્ય રાજ્યમાં પણ અનુસરવામાં આવશે.

આ પ્રસંગે રાજસ્થાની અને ગુજરાતી કલાકારો દ્વારા બંને રાજ્યોની કલા અને સંસ્કૃતિની ઝાંખી કરાવતાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કરાયાં હતાં.

આ સમારોહમાં રાજસ્થાની સમાજનાં વિવિધક્ષેત્રોનાં અગ્રણીઓ તથા ગુજરાતનાં ગણમાન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

પી.એસ. / કૌશિક મહેતા ........................